**<u>આંક ૧ લગત હુકમ</u>**

**આજ રોજ રેકર્ડને ધ્યાને લેતાં કેસ સમન્સ ટ્રાયેબલ છે... વર્ષ થી કેસ કાનુની કાર્યવાહી માટે પેન્ડીંગ છે. આરોપીઓ ઉપર અવારનવાર વોરંટ ઈસ્યુ કરવા છત વગર બજે પરત ફરેલ છે. કેસનો પ્રકાર તથા ગુનાની ગંભીરતાને ધ્યાને લેતાં ગુનો વ્યકિતગત પ્રકારનો છે. રાષ્ટ્રમાં આજીવીકા/રોજગારીની સુયોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે નીચલ મધ્યમ વર્ગનાં નાગરિકો અવારનવાર પોતાના રહેઠાણનું સ્થળ બદલે છે તેમજ કાચા ઝુંપડાપટ્ટી કે સુયોગ્ય વસવાટ ધરાવતાં લોકોની સંખ્યા ઘણાં મોટા પ્રમાણમાં છે તેવા સંજોગોમાં આવા વસવાટ નાબુદ થવાથી ઘણી વ્યકિતઓ રહેણાંકનાં સ્થળો બદલતા હોય છે. વધુમાં કોર્ટોમાં કેસોનો ભરાવો, એ રાષ્ટ્રીય ચિંતાનો વિષય છે દિનપ્રતિદિન આ પ્રકારનાં પડતર કેસોની સંખ્યા ખૂબ જ વધતી જાય છે જેની પાછળ બજવણી કરાવવા માટે કોર્ટનાં મીનીસ્ટીરીયલ સ્ટાફનો સમન્સ/વોરંટ કાઢવા, તેનાં રજીસ્ટર નિભાવવા તેમજ પોલીસનો આ પ્રકારની બજવણી પાછળ બિનફળદ્રુપ મહેનત કરવામાં ખોટી રીતે સમય વ્યય થાય છે. અદાલતનો કિમતી સમય આવા કેસોમાં કોલઆઉટ કરવામાં, તેનાં રેકર્ડનું નિરીક્ષણ કરવામાં, તે અંગે સુચનો જારી કરવામાં, રોજકામ કરવામાં વિગેરેમ વ્યય થાય છે, તેમ છતાં પણ ન્યાયનો હેતુ સરતો નથી.**

**વધુમાં <u>ના.નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીનાં પત્ર નં.એલ/૧૫/૨૦૧૩–નાલસા /૨૬૪૧૬૭૭, તા.૨૨–૮–'૧૩</u>માં એવો નિર્દેશ આપવામાં આવેલ છે કે પેટીમેટર્સ જેમાં ડેડવુડ કેસ હોય તેમજ જે કેસની ન્યાયિક કાર્યવાહી સરી શકે તેમ ન હોય તેવા કેસના સંદર્ભ માં સી.આર.પી.સી.ક.૨૫૮મુજબસ્ટોપ પ્રોસીંડીગ કરવું જોઈએ.જેથી કોર્ટમાં કેસોનું ભારણ ઓછું થઈ શકે અને કોર્ટનો કિમતી સમય અન્ય ગંભીર પ્રકારનાં કેસોમાં ઉપયોગમાં લઈ શકાય.**

**જેથી ઉપરોકત તમામ સંજોગોને ધ્યાને લેતાં હાલનો કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ નીચે બંધ કરવા માટે યોગ્ય જણાતો હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**<u>હુ ક મ</u>**

**હાલનાં કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ હેઠળ બંધ કરવામાં આવે છે.**

**આરોપીને છોડી મુકવામાં આવે છે.**

**કિંમતી મુદ્દામાલ સબંધે અલગથી ઈન્કવાયરી કરવી અને બિનકિમતી મુદ્દામાલનો નાશ કરવો.**

**હુકમ આજ તા.૮/૧૨/૧૮નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>કોર્ટ નં.૧૭, અમદાવાદ.**